નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

નિયામક વિકસતી જાતિ
કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર
27 FEB 2018
શાખા...વહીવટી
ઇનવર્ડ નં....૨૧૨

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૬/૨/૨૦૧૭

26 FEB 2018

**વંચાણે લીધાઃ-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૩/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧/૪/૨૦૧૭ના સુધારા ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૫/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૬/૧૫૭૫૩૨/અ

૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭/૧૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૬/૫૪૦૪૭૪/અ

૬. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૬/૫૪૧૭૭૭/અ

૭. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭/03/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૬/૪૮૯૭૪૭/અ

૮. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૨૦૧૭/ન.બા.૧૬૯/અ.૧

૯. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૨૦૧૭/ન.બા.૧૭૦/અ.૧

૧૦. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.3/૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૭/૨૫૮૧૮૩/અ

27-2-18

૧૧. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૯/૧/૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ વિજાક/મકમ/૨૦૧૭-૧૮/૯૧

**પ્રસ્તાવના:**

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાની સંદર્ભ ક્રમાંકઃ (૧) માં દર્શાવેલ તા.૨૭/૩/૧૭ ના ઠરાવ અને (૨) ના તા.૨૧/૪/૨૦૧૭ના સુધારા ઠરાવથી કુલ ૭૮૬ હંગામી જગ્યાઓ તા.૨૮/૨/૧૮ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી.

૨. સંદર્ભ ક્રમાંકઃ (૩)માં દર્શાવેલ તા.૧૫/૪/૨૦૧૭ના ઠરાવથી ભાવનગર અને રાજકોટ ખાતેના કુમાર અને કન્યા છાત્રાલયોની ૧૨ હંગામી જગ્યાઓને તા.૨૮/૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવામાં આવેલ છે.

૩. સંદર્ભ (૪) ના તા.૭/૧૦/૧૬ના ઠરાવથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-3), સંદર્ભ (૫)ના તા.૭/૧૧/૨૦૧૬ના ઠરાવથી સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨), સંદર્ભ (૬) ના તા.૧૫/૧૧/૨૦૧૬ના ઠરાવથી નાયબ નિયામક(વર્ગ-૧), સંદર્ભ (૭) ના તા.૭/3/૨૦૧૭ના ઠરાવથી જુનીયર ક્લાર્ક (વર્ગ-3)ની કેડર સ્ટ્રેન્થ નક્કી કરવામાં આવેલ છે.

૪. સંદર્ભ (૮) હેઠળના તા.૨૫/૪/૨૦૧૭ ના ઠરાવથી આદર્શ નિવાસી શાળાઓમાં ૧૦ મદદનીશ શિક્ષકો, સંદર્ભ (૯) હેઠળના તા.૨૫/૪/૨૦૧૭ ના ઠરાવથી આદર્શ નિવાસી શાળાઓમાં ૫૬ મદદનીશ શિક્ષકોની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

૫. સંદર્ભ (૧૦) હેઠળના તા.3/૫/૨૦૧૭ના ઠરાવથી ૧૫ મદદનીશ જિલ્લા મેનેજર અને ૧૫ જુનીયર ક્લાર્કની જગ્યાઓની મુદ્દત તા.૨૮/૨/૨૦૧૮ સુધી વધારેલ હતી.

ઉક્ત મુદ્દા.૧,૨,૪,૫ માં દર્શાવેલ જગ્યાઓની મુદ્દત તા.૨૮/૨/૨૦૧૮ સુધીની હતી. તેથી તેની મુદ્દત વધુ એક વર્ષ લંબાવવા સંદર્ભ (૧૧) હેઠળના તા.૯/૧/૨૦૧૭ના પત્રથી નિયામાકશ્રી(વિ.જા.)એ દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

સદરહુ બાબતે પુખ્ત વિચારણાના અંતે દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ પત્રક-અ ની ૮૪૬ જગ્યાઓ પૈકી ૩૬૫ ભરાયેલ જગ્યાઓ અને ૪૮૧ ખાલી જગ્યાઓને, ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરના સેટઅપ મુજબ ખાલી જગ્યાઓ એબેયન્સમાં મુકવા કે રદ થવાપાત્ર ન હોઇ તમામ ૮૪૬ હંગામી જગ્યાઓને તા.૧/૩/૨૦૧૮ થી તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવા આથી મંજુરી આપવામાં આવે છે.

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ નથી તેવી પત્રક-બ ની ૪૮ હંગામી જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તા.૧/૩/૨૦૧૮ થી તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

ભરતી કેલેન્ડરમાં સામાવેશ થયેલ નથી, તેવી પત્રક-બ ની કુલ ૪૮ હંગામી જગ્યાઓ પૈકીની ડ્રાઇવર સંવર્ગની ભરાયેલ એવી ૦૮(આઠ) તથા વર્ગ.૪ ની ભરાયેલ એવી જુદા જુદા સંવર્ગની ૨૭ જગ્યાઓ તથા વર્ગ-૪ ની ખાલી એવી ૧(એક) જગ્યા મળી કુલ-૩૬ હંગામી જગ્યાઓ પર હાલમાં ફરજ

બજાવતા નિયમિત કર્મચારીઓ જેમ જેમ નિવૃત્ત થતા જાય તેમ તેમ ખાલી પડતી જગ્યાઓ રદ કરવાની રહેશે. આ જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૨/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**બિડાણ:-** પત્રક-અ અને પત્રક-બ

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર મારફતે).
- નાણાસલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક., ગાંધીનગર મારફતે).
- ના.સે.અધિ.શ્રી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ

પત્રક-અ

ઠરાવ નં. મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ, તા.૨૬/૨/૨૦૧૮ સાથેનું બિડાણ

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોય તેવી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | ચાલુ રાખેલ હંગામી જગ્યાની સંખ્યા | ક્રમ | જગ્યાનું નામ | ચાલુ રાખેલ હંગામી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| **(અ) વડી કચેરી** | | | | **(બ) જિલ્લા કચેરીઓમા** | |
| ૧ | નાયબ નિયામક | ૩ | ૧ | નાયબ નિયામક | ૧૨ |
| ૨ | સમાજ કલ્યાણઅધિકારી | ૪ | ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ | ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩૪ |
| ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૭ | ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક(કચેરી) | ૭ |
| ૫ | સીનીયર કલાર્ક | ૮ | ૫ | સીનીયર કલાર્ક | ૨૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૮ | ૬ | જુનીયર કલાર્ક | ૩૮ |
| | **કુલ** | **૩૫** | ૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક(તાલુકા કક્ષા) | ૧૪૧ |
| | | | ૮ | સીવણ સંચાલિકા | ૨૦ |
| | **(ક) આદર્શ નિવાસી શાળાઓમાં** | | | **કુલ** | **૨૯૩** |
| ૧ | આચાર્ય | ૨૮ | | | |
| ૨ | મદદનીશ શિક્ષક/ માધ્યમિક શિક્ષક, ચિત્ર-સંગીત શિક્ષક, શારીરિક શિક્ષણ શિક્ષક | ૩૫૨ | | **(ડ) સરકારી છાત્રાલયોમાં** | |
| ૩ | મદદનીશ સ.ક.અધિકારી | ૩૩ | ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬૧ |
| ૪ | જુનીયર કલાર્ક | ૨ | | **કુલ** | **૬૧** |
| | **કુલ** | **૪૧૫** | | | |
| | | | | **(ઇ) સમરસ છાત્રાલય** | |
| | **(ફ) વિકસતી જાતિ કલ્યાણ સંલગ્ન નિગમોની કચેરી** | | ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૪ |
| ૧ | મદદનીશ જિલ્લા મેનેજર | ૧૫ | ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૪ |
| ૨ | જુનીયર કલાર્ક | ૧૫ | ૩ | જુનીયર કલાર્ક | ૪ |
| | **કુલ** | **૩૦** | | **કુલ** | **૧૨** |

(એસ.જે.પરમાર)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પત્રક-બ

ઠરાવ નં. મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/અ, તા.૨૬/૨/૨૦૧૮ સાથેનું બિડાણ

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | એક વર્ષ સુધીની ખાલી જગ્યાઓ | એક વર્ષથી વધુ અને ત્રણ વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી જગાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | નિયામક | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨ | હિસાબી અધિકારી | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | કાયદા સલાહકાર | ૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૫ | સ્ટેનો ગ્રેડ-૨ | ૩ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૬ | સીનીયર ઓડીટર | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૭ | ડેપ્યુટી ઓડીટર | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૮ | સબ ઓડીટર | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૯ | સંશોધન મદદનીશ | ૩ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૩ | ૩ | ૨ | ૧ | ૦ |
| ૧૧ | ડ્રાઇવર | ૩ | ૮ | ૮ | ૦ | ૦ |
| ૧૨ | પટાવાળા | ૪ | ૧૧ | ૧૧ | ૦ | ૦ |
| ૧૩ | રસોયા | ૪ | ૩ | ૨ | ૧ | ૦ |
| ૧૪ | રસોયા કામદાર | ૪ | ૫ | ૫ | ૦ | ૦ |
| ૧૫ | હમાલ | ૪ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૬ | સફાઇ કામદાર | ૪ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૭ | ચોકીદાર | ૪ | ૫ | ૫ | ૦ | ૦ |
| | કુલ | | ૪૮ | ૪૩ | ૫ | ૧ |

(એસ.જે.પરમાર)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ